## મે. રાજકોટના જ્યુડી. મેજીસ્ટ્રેટ ફ. ક.(મેઈન) સાહેબશ્રી ની કોર્ટમાં, રાજકોટ

**ક્રિ.કે.નં. ૫૪૯૪/૨૦૨૦**
**આંક– ૧૨**

**ફરીયાદી** – **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી** – વિજયભાઈ શીવરાજભાઈ ઉધરેજીયા જાતે દે.પુ.

**ગુન્હો:– ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ ૬૫ એ.એ. મુજબ.**

## // ચૂકાદો //

(૧) આરોપી સામે ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આરોપીએ પ્રોહીબંધક એરીયામાં વગર પાસ પરમીટનો દેશી દારૂ પોતાના કબજામાં વેચાણ અર્થે રાખી મળી આવી, તે મતલબની ફરીયાદ ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા, ગુનો નોંધી, આરોપીને અટક કરેલ. તપાસના અંતે ઉપરોકત ગુનાનું ચાર્જશીટ આ કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી સારુ રજુ કરેલ છે.

(૨) હાલના આરોપી અદાલત રુબરુ હાજર રહેલા અને તેઓને પોલીસ પેપર્સની નકલો આપેલી. ત્યારબાદ આરોપીનો જવાબ રેકર્ડ કરવામાં આવેલ. જેમાં આરોપીએ ગુનો કબુલ કરેલાનું જણાવેલ અને તે મતલબની કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે તેમને ગુનો કર્યાનો પસ્તાવો છે અને આરોપી ગરીબ પરિસ્થિતીના છે. જેથી હળવી સજા કરવા રજુઆત કરેલ છે.

(૩) આજરોજ અદાલતમાં આરોપી તરફેની રજુઆત ધ્યાને લેતાં અને કેસનું રેકર્ડ ધ્યાને લેતાં તથા ક્રિ. અપીલ નં.૪૭૭/૦૨ વિગેરેના કામે *State Of Gujarat vs Natwar Harchandji Thakor*[1] ના ચુકાદાના પેરા–૮૬ માં ઠરાવેલ છે કે,

> *"86. In short, in our conclusions on objective assessment and evaluation of the factual and legal profile, in this group of criminal appeals, a sentence of imprisonment for a period of less than minimum with the help of proviso and in terms of the*

1 (2005)1 GLR 709

*requirements and on proof of existence of special and adequate reasons for a first offense, the Court is empowered and entitled to award less than minimum sentence of finding accused guilty either by evidence or by raising "plea of guilty" and judicial directions and prescription of special format contrary to the statutory provisos as observed by us, hereinabove, are not binding and required to be followed for recording the plea of guilty of accused and the proposition provided in three decisions relied on by the State are not affirmed and approved by us to the extent as stated above fot the elaborate reasons and factual matrix and legal profile given here in above and upon true and correct interpretation and legislative internments, forensic and jurisprudential exposition of the relevant propositions of the said provisions of Bombay Prohibition Act in general and proviso to Section 66 and 85, so far as first offence is concerned."*

આ ચુકાદાને ધ્યાને રાખવામાં આવે તો, ખાસ અને સ્પેશયલ કારણો હોય અને પ્રથમ ગુનો હોય તેવા સંજોગોમાં અદાલત જયારે આરોપી ગુનો કબુલ કરે અગર તો પુરાવાથી કેસ સાબીત થાય તેવા સંજોગોમાં જે કાયદામાં ઓછામાં ઓછી સજા નકકી કરેલ હોય તેના કરતા પણ અદાલત ઓછી સજા કરી શકે છે. આ પ્રકારનુ નીરીક્ષણ ધ્યાને લેતા, આરોપીનો આ પ્રકારનો પ્રથમ ગુનો હોય, આ પ્રકારનું નીરીક્ષણ ધ્યાને લેતાં તથા આરોપીની સ્વૈચ્છીક કબુલાતને ધ્યાનમાં લેતા આરોપીને હળવામાં હળવી સજા કરવાનો હુકમ કરવો યોગ્ય જણાય છે. વધુમાં આરોપી તરફેની કબુલાત ધ્યાને લેતાં આરોપીએ સ્વૈચ્છાએ કબુલાત કરે છે અને સદરહું કબુલાત બીનકેફે કે કોઈ ગેરરજુઆત વગર કરવામાં આવેલ છે તેવુ જણાઈ આવે છે. આરોપી તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, તેઓને ગુનો કર્યા અંગેનો પસ્તાવો છે અને હવે બીજી વખત આવા પ્રકારનો ગુનો નહી કરે તેવી ખાત્રી આપતા હોય જે ધ્યાને લેતાં આરોપીએ જે કબુલાત આપેલી છે તે સ્વૈચ્છીક હોય તેવુ જણાઈ આવે છે. નશાબંધી અધિનિયમની કલમ–૬૫ એ.એ. માં ૩ વર્ષ સુધીની અને દંડની શિક્ષાની જોગવાઈઓ છે. આરોપી એવી રજુઆત કરે છે કે અમોને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા વિનંતી છે અને અમને વધુ જેલમાં

રાખવામાં આવશે તો અમારા પરીવારજનોનું ભરણપોષણ થઈ શકે તેમ નથી અને તેમને ઓશીયાળુ જીવન જીવવાની પરિસ્થિતી ઉપસ્થિત થાય તેમ છે. આ કેસની હકીકત ઘ્યાને લેતાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુ ક મ ::**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૧ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૫ એ.એ. મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા)નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે, અને દંડ ના ભરે તો દિન–૦૩ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો નિયમોનુસાર નાશ કરવો.

હુકમ આજરોજ તા.૧૩ મી માહે ઓગષ્ટ સને ૨૦૨૨ ના રોજ યોજાયેલ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**DATE : 13-08-2022**
**PLACE: RAJKOT**

**(SHEETAL VENKATESON MUDALIAR)**
**JUDICIAL MAGISTRATE FIRST CLASS(MAIN)**
**RAJKOT.**
**CODE NO.GJ01217**